# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૪૧ તા.૨૬-૦૨-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે પરિપત્ર નં.૧૩૫ તા.૬-૨-૧૮ મુજબ તમામ ઉચ્ચ પ્રાથમિક શાળાઓએ જુદી જુદી ૭ પ્રવૃત્તિઓ તૈયાર કરેલ છે. જેનું નિદર્શન તા.૨૮-૨-૧૮ વિજ્ઞાન દિવસના રોજ સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે રાખવામાં આવેલ છે. તમામ શાળાઓનાં બાળકો તેમજ વિજ્ઞાન શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રવૃત્તિઓને નિહાળવા તેમજ જરૂરી માર્ગદર્શન મેળવવા માટે તમામ શાળાઓના તમામ સ્ટાફે બિનચૂક હાજર રહેવાનું છે.

- **તા. ૨૭-૨-૧૮નુ રિહર્સલ**

  તા.૨૭/૨/૧૮ના રોજ ૨-૦૦ વાગે સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે ભાગ લેનાર તમામ બાળકો, શિક્ષક તેમજ મુ.શિક્ષકોએ શાળાની તમામ રજૂ કરવાની થતી તમામ સામગ્રી સાથે બિનચૂક હાજર રહેવાનું રહેશે. તા.૨૮/૨/૧૮ની સંપૂર્ણ પૂર્વ તૈયારી કૃતિ/ મોડલની ગોઠવણી તેમજ રિહર્સલ કરવાનું રહેશે.

- **તા.૨૮-૨-૧૮ના રોજ વિજ્ઞાન દિવસની ઉજવણીની શિક્ષકોની હાજરી અને બેઠક વ્યવસ્થા :**

સ્થળ પર પહોંચીને નિયત કરેલ શિક્ષકોએ ગેટ નં.૫ થી ૯માં વોર્ડવાર સી.આર.સી. કો.ઓર્ડિનેટરને મળીને અચૂક આવવા બદલની સહી કરવી. આ કાઉન્ટર મોડામાં મોડા ૬-૩૦ કલાકે બંધ થશે. જેથી સમયસર હાજરી પુરીને ૭-૦૦ વાગે પેવેલિયનમાં દર્શાવેલ જગ્યા પર સ્થાન લઈ લેવું.

ઉપરોકત તમામ શિક્ષક મિત્રોએ મુખ્ય સ્ટેજ પરથી એનાઉન્સ થયા બાદ ૯-૦૦ થી ૧૦-૦૦ કલાક દરમ્યાન ડોમ-૧/૨/૩/૪ માં પ્રદર્શનિની મુલાકાત લઈ પરત ૧૦-૧૫ કલાકે મુળ સ્થાન પર પેવેલિયનમાં બેઠક લેવાની રહેશે. ૧૧-૩૦ કલાકે સમાપન કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ભોજન લઈને આજ શિક્ષક મિત્રોએ ડોમ-૧/૨/૩/૪માં ગોઠવેલ કાઉન્ટર પર જવા બદલની સહી કરીને સ્થળ છોડવાનું રહેશે.

- **બાળકોની સલામતી અને અલ્પાહાર**
  - ભાગ લેનાર તમામ બાળકોને સલામત રીતે શાળાથી સ્થળ ઉપર જવાબદાર શિક્ષક સાથે મોકલવાના રહેશે.
  - તેમના અલ્પાહારની વ્યવસ્થા શાળાકક્ષાએથી કરવાની રહેશે. એક બિસ્કીટનું પેકેટ શાળામાંથી આવતી વખતે આપવું અને એક બિસ્કીટનું પેકેટ ૧૦-૦૦ વાગે ડોમમાં પ્રદર્શન દરમિયાન આપવું. આ સમય દરમ્યાન સ્વચ્છતાની કાળજી રાખવી. કાર્યક્રમ પૂર્ણ થયે તમામ બાળકો તેમજ શિક્ષકો માટે ભોજનની વ્યવસ્થા કરેલ છે. જે ભોજન લઈને જ સ્થળ છોડવાનું રહેશે.
- **રૉ-મટીરીયલસ અને પુરસ્કાર :**

  વિદ્યાર્થી નિર્મિત મોડેલ માટે રૂા.૩૦૦/-, શિક્ષક નિર્મિત મોડેલ માટે રૂા.૩૦૦/- અને અંક માટે રૂા.૧૦૦૦/-ની રૉ-મટીરીયલ માટેની ની ફાળવણી જે-તે શાળાના એકાઉન્ટમાં કરવામાં આવેલ છે. આ સિવાય ઝોન કક્ષાએ પ્રથમ પાંચ શ્રેષ્ઠ કૃતિઓને રૂા.૨૫૦૦/-, રૂા.૨૦૦૦/-, રૂા.૧૫૦૦/-, રૂા.૧૦૦૦/-, રૂા.૫૦૦/- અને શહેરકક્ષાએ પ્રથમ ત્રણ શ્રેષ્ઠ કૃતિઓને રૂા.૫૦૦૦/-, રૂા.૪૦૦૦/-, રૂા.૩૦૦૦/- તથા તમામ ભાગ લેનાર વિદ્યાર્થી દિઠ રૂા.૧૦૦/-નું પ્રોત્સાહક ઇનામો કાર્યક્રમના દિવસે વિતરણ કરવામાં આવશે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

- **કાર્યક્રમની રૂપરેખા :**

  ૧. ૬-૩૦ સુધી હાજરી

  ૨. ૬-૩૦ થી ૭-૦૦ કલાક બેઠક લેવી.

  ૩. ૭-૦૦ થી ૭-૪૫ કૃતિ મોડલનું ડિસ્પ્લે

  ૪. ૭-૪૫ થી ૮-૦૦ માન. શિક્ષણમંત્રીશ્રીનું આગમન

  ૫. ૮-૦૦ થી ૮-૨૦ માન. શિક્ષણમંત્રીશ્રી દ્વારા કૃતિ મોડલનું નિરીક્ષણ

  ૬. ૮-૨૦ થી ૯-૧૫ ઉદ્ઘાટન સમારોહ

  ૭. ૯-૧૫ થી ૧૦-૧૫ : તબક્કાવાર કૃતિ અને મોડલનું શિક્ષકો દ્વારા નિરીક્ષણ

  : ક્વિઝ સ્પર્ધા

  ૮. ૧૦-૧૫ થી ૧૧-૪૫ ઈનામ વિતરણ સાથે સમાપન સમારોહ

  ૯. ૧૧-૪૫ થી ૧-૦૦ : કૃતિ મોડલનું શિક્ષકો દ્વારા નિરીક્ષણ

  : ભોજન

- તા.૨૮/૨/૧૮ના રોજ બાળકો માટે શાળાઓમાં રજા રહેશે. શિક્ષકો દ્વારા નિહાળેલ વિજ્ઞાન વિષયક કૃતિઓની ચર્ચા બીજા દિવસે શાળાના પ્રાર્થના કાર્યક્રમમાં તથા વર્ગશિક્ષકશ્રીએ વર્ગખંડમાં કરવાની રહેશે.
- જુદા જુદા સાત વિભાગોમાં ખૂબ જ નિષ્ઠાથી ભાગ લેનાર મ્યુનિ. શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓ, શિક્ષકશ્રીઓ,બાળકો તથા અધિકારીશ્રીઓને હૃદયપૂર્વકના અભિનંદન.
- આવો મ્યુનિ. શાળાઓના બાળકો તથા શિક્ષકશ્રીઓની અદ્ભૂત સર્જનવૃત્તિના સાક્ષી બનીએ..

તા. ૨૬-૨-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી